# ગુડા વિસ્તારની સોસાયટીમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવાના દરમાં ૩૦ ટકાનો ઘટાડો

### રહેણાંક અને કોર્મશિયલ તેમજ શૈક્ષણિક સંકુલોમાં પાણી સપ્લાય કરવાના દરમાં નોંધપાત્ર ફેરફાર

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગાંધીનગર સહીત વિવિધ નગર રચના વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. હાલ આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધવાની સાથે જરૂરિયાત પણ વધી છે. આવા સંજોગોમાં ગુડા દ્વારા અત્યાર સુધી વિવિધ વિકસિત વિસ્તારમાં રહેણાંક અને કોર્મશિયલ હેતુના ઉપયોગ બદલ નર્મદાનુ પાણી સપ્લાય કરવા માટે જે દર વસુલવામાં આવતો હતો તે વધુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો જો કે હવે ગુડાએ નર્મદાનુ પાણી વિવિધ વિસ્તારની સોસાયટીમાં સપ્લાય કરવા માટેનો દર પણ ઘટાડી દેવાયો છે. જેમાં ગુડાએ અંદાજિત ૩૦ ટકાનો ઘટાડો કરી દેતા રાહતની લાગણી પ્રવર્તી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગાંધીનગર સહીત વિવિધ નગર રચના વિસ્તારમાં સ્થાનિકો માટે નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે ગુડા વિસ્તારના નાગરિકો દ્વારા લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી હતી તે મુજબ રહેણાંક બિનરહેણાંક અને સરકારી સંકુલો શૈક્ષણિક સંકુલો માટે પાણીના દરમાં ઘટાડો કરી દેવાયો છે. જેમાં માસિક દરમાં અંદાજિત ૩૦ ટકાનો ઘટાડો કરી દેવાયો છે. જયારે પાણીના દરમાં ઘટાડો કરવાના નિર્ણયનો અમલ પણ કરી દેવાયો છે. ગુડા કક્ષાએથી પાણીની વ્યવસ્થા ગોઠવાયા બાદ જે દર નિયત કરાયા હતા તેમાં રહેણાંક હેતુને અનુલક્ષીને ૨૦ હજાર લીટર પાણી માટે પ્રતિ ૧ હજાર લીટર પાણીનો દર રૂ ૧૦ નિયત કરાયો હતો જેમાં ઘટાડો કરાયો છે. અલબત્ત રૂ ૭ કરી દેવાયો છે. જયારે એક લીટર પાણી ૧૦ પૈસાના બદલે ૭ પૈસાના દર મુજબ ઉપલબ્ધ થશે. જયારે રહેણાંકમાં ૨૦ થી ૩૦ હજાર લીટર પાણીને અનુલક્ષી ગ્રાહક માટે રૂ ૧૫ ના ભાવમાં ઘટાડો કરી હવે રૂ ૧૨ તેમજ ૩૦ હજાર થી વધુ પાણી માટે રૂ ૩૦ નો ભાવ ઘટાડી ૨૦ કરી દેવાયો છે. જયારે બિન રહેણાંક અને વાણિજય હેતુના એકમો માટે પણ દરમાં ફેરફાર કરાયો છે. જયારે આ માટે પ્રતિ એક હજાર લીટર માટેનો દર રૂ ૩૦ વસુલવામાં આવતો હતો જેમાં ફેરફાર કરાયો છે. જે હવે રૂ ૨૫ નિયત કરાયો છે.

આ ઉપરાંત શૈક્ષણિક સંકુલો માટે પ્રતિ એક હજાર લીટર પાણીનો દર રૂ ૨૦ નિયત કરાયો હતો જેમાં હવે ફેરફાર કરી રૂ ૧૫ નો દર નિયત કરી દેવાયો છે. શહેરના સેકટરોમાં દાયકાઓથી નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. ગુડા દ્વારા ન્યુ ગાંધીનગર માટે આ વ્યવસ્થા ઉભી કરાઈ ત્યારે નિયત કરેલા પાણીના દર વધારે હોવાનો સુર ઉઠવા પામ્યો હતો જેના લીધે ઘણી સોસાયટીઓ ગુડાનુ પાણી ખરીદવાનુ ટાળતી હતી. સોસાયટીઓ તેમના બોર આધારિત પાણીની વ્યવસ્થા હોવાથી ગુડાના પાણીના દર સોસાયટી માટે વધુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હતો.

# અમદાવાદ-કલોલ-મહેસાણા રોડના અંડરપાસની કામગીરીને લઈ ચાર માસ માટે બંધ કરાયો

### અધિક નિવાસી કલેક્ટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ : ૩૧ ઓગષ્ટ સુધી આ માર્ગ બંધ કરી ટ્રાફિક ડાયવર્ટ કરાયો

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદ-સાબરમતી-કલોલ-મહેસાણા રોડ પર અડાલજ ખાતે એસ.જી. હાઈવે અંડરપાસ રોડ ઉપર આર.સી.સી. એપ્રોચ રોડ બનાવવાની કામગીરીને લઈ આ માર્ગ પરનો ટ્રાફિક ચાર માસ માટે ડાયવર્ટ કરી અને રસ્તો બંધ કરવા અંગેનું જાહેરનામુ અધિક નિવાસી કલેક્ટર રિતુસિંઘ દ્વારા જારી કરવામાં આવ્યુ છે.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે આ માર્ગ ૪ માસ એટલે કે ૩૧-૮-૨૦૨૨ સુધી બંધ રહેશે અને આ માર્ગ પરનો ટ્રાફિક ડાયવર્ટ કરી કયા રૂટ પરથી વાહનો લઈ જવાશે તે વૈકલ્પિક માર્ગ પણ આ જાહેરનામામાં દર્શાવવામાં આવ્યો છે.

ટ્રાફિક ડાયવર્ઝન અંગેના જે આદેશો જારી કરવામાં આવ્યા છે તે મુજબ આ અંગેના સાઈન બોર્ડ પણ લગાવવાની સૂચના આપવામાં આવી છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે તા. ૨૧-૪-૨૦૨૨ થી તા. ૩૧-૮-૨૦૨૨ સુધી અમદાવાદ-સાબરમતી-કલોલ-મહેસાણા રોડ પર અડાલજ ખાતે એસ.જી. હાઈવે અંડરપાસ રોડ ઉપર અનુક્રમે નં. ૧ અને ૨ માં જણાવ્યા મુજબના વૈકલ્પિક માર્ગ પર તમામ ટ્રાફિક ડાયવર્ટ કરવા તેમજ અનુક્રમ નં. ૩ માં જણાવ્યા મુજબ રસ્તો બંધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

(૧) કામકાજના સમગ્ર દિવસો દરમ્યાન મહેસાણા તરફથી બાલાપીર સર્કલ તરફ આવતો ટ્રાફિક નીચે જણાવેલ રૂટ ઉપર ડાયવર્ટ કરવો.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા વિકાસ અધિકારીનું કાર્યાલય થોડા દિવસ માટે ભોંયતળિયે ખસેડાયું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે તેમનુ કાર્યાલય થોડાક દિવસ માટે ભોંયતળિયે તબદીલ કર્યુ છે.

તેમના પગે થયેલી ઈજાને પગલે તેમણે તેમનુ કાર્યાલય જિલ્લા આયુર્વેદ અધિકારીની ઓફિસમાં તબદીલ કર્યુ છે. હવે જિલ્લા આયુર્વેદ અધિકારી નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલની ઓફિસમાં તેમની સાથે બેસી અને કચેરીનું કામકાજ સંભાળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનુ મકાન જુનુ થયુ છે તેમજ અહિ અધિકારીઓને પણ બેસવા માટે પુરતી ચેમ્બરો નથી તે જગજાહેર છે. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા હાલ જિલ્લા પંચાયત પ્રમુખની ચેમ્બરમાં બેસે છે. તેમની ચેમ્બર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સૂરજ બારોટને ફાળવવામાં આવી છે.



પાટનગર ગાંધીનગરની સીવીલ હોસ્પિટલનું આ દૃશ્ય છે... - કાયદાઓ ભલે અહીં બનતા હોય, અહીં રોકાવાતા હોય, કે અહીંયા રદ થતા હોય... જે રાજકીય સમીકરણો થતા હોય એનાથી પાટનગરને કોઈ લેવા-દેવા નથી... પણ લેવા-દેવા એ જરૂર છે કે, પાટનગરના રહેણાંક વિસ્તારમાં રખડતાં ઢોરનો આતંક દિન-પ્રતિદિન વધતો જાય છે... સવાર - સાંજ શાળાએ આવન-જાવન કરતા બાળકો હોય, કે મોર્નિંગ વોક કરવા નિકળેલા વડીલો હોય... રખડતાં ઢોરનો ભય તો સતત સતાવતો હોય છે... અને હા ચોખ્ખા ચણાક પાટનગરમાં ગંદકીના સામ્રાજ્યનું એક કારણ આ પણ ખરું... કોને કહેવું, કેવી રીતે કહેવું, શું કહેવું... એ હજુ પાટનગરવાસીઓ માટે મુંઝવણ છે... મનપાનું તંત્ર ગંભીર બની આ વિષયમાં સત્વરે સક્રિય બને એવી અપેક્ષા પાટનગર રાખે છે અને રાખે છે... અને હદની વાત તો એ છે કે, જ્યાં હજારો દર્દીઓની રોજેરોજ સારવાર થાય છે એવા સીવીલ સંકુલના પટાંગણમાં કોઈ રોક-ટોક વિના ભેંસો વિચરતી હોય છે... નથી સિક્યોરીટી રોકતી, કે નથી મનપાનું તંત્ર રોકતું.... ગાંધીનગરમાં રખડતા ઢોરોની સમસ્યાનો ઉકેલ આવતો નથી. મહાનગરપાલિકા દ્વારા મસમોટો કોન્ટ્રાક્ટ આપીને ઢોર પકડવાની કામગીરી કરાય છે પરંતુ પશુપાલકો દ્વારા આ કામગીરીમાં વારંવાર અડચણ પેદા કરવામાં આવે છે. રખડતી ગાયો તો સમસ્યારૂપ છે જ પરંતુ હવે ભેંસો પણ શહેરમાં ખુલ્લેઆમ ફરતી જોવા મળે છે. વાહનચાલકો અને રાહદારીઓને તેનાથી તકલીફ પડે છે.

# મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત હાથ ધરાયેલ પાયલોટ પ્રોજેક્ટમાં ૪૩૦૦ નવા લાભાર્થી શોધાયા

ગાંધીનગર, તા. ૨૫

સરકાર આપને દ્વાર મુખ્યમંત્રી સંતૃપ્તિ યોજનામાં જિલ્લાના પાંચ ગામોમાં ૨૪ યોજનાના નવા લાભાર્થીઓ શોધી લાભ ત્વરિત આપવાના નિર્ણય અંતર્ગત હાથ ધરાયેલ પાયલોટ પ્રોજેક્ટમાં ૪૩૦૦થી વધુ નવા લાભાર્થીઓ શોધી કાઢવામાં આવ્યા છે.

આ પાયલોટ પ્રોજેક્ટમાં ગાંધીનગરનું એક ગામ કલોલના બે ગામ તેમજ માણસા દહેગામના એક-એક ગામની પસંદગી કરવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકાનુ કાકાનું તારાપુર ગામ, કલોલના ગણપતપુરા અને સનાવાડ, દહેગામના રામનગર તેમજ માણસાના મોતીપુરા વેડા ગામુનો સમાવેશ થાય છે.

આ સર્વે તલાટી, આશા કાર્યાકર, આંગણવાડી કાર્યકર અને અન્ય બે કર્મચારીઓને સાથે રાખી હાઉસ ટુ હાઉસ સર્વે કરવામાં આવ્યો હતો.

આ સર્વેમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ, નવા રેશન કાર્ડ, રેશન કાર્ડની વિગતોમાં સુધારો, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, આધાર કાર્ડ અને અપડેશન, મફત તબીબી સહાય માટેના લાભાર્થીઓ વધુ મળી આવ્યાનું જાણવા મળેલ છે.

માણસામાં ૫૯૨, દહેગામમાં ૧૬૨૧, ગાંધીનગરમાં ૪૩૯ અને કલોલમાં ૧૭૪૮ જેટલા લાભાર્થીઓ નવા શોધાયા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ હવે આ લાભાર્થીઓને આગામી સાત દિવસમાં તેમના લાભ આપવા માટેની તજવીજ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ પાયલોટ પ્રોજેક્ટના પરિણામ અને પ્રતિસાદની સરકાર કક્ષાએ સમીક્ષા થયા બાદ ૧લી મે થી રાજયભરના ગ્રામીણ વિસ્તારમાં અમલી બનાવવા અંગેની ઘોષણા કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આ આખાય પ્રોજેક્ટ અંતર્ગત કેટલીક યોજનાઓ સંદર્ભે ખાસ કેમ્પો ગ્રામીણ વિસ્તારમાં કરવામાં આવે તેવી સંભાવનાઓ પણ રહેલી છે.

# વનતંત્ર ચોમાસા દરમિયાન શહેર-જિલ્લામાં ૧૭ હજારથી વધુ રોપાઓની વાવણી કરશે

### વરસાદી દિવસામાં નવ રોપાઓની વાવણીને અનુલક્ષી ખાડા ખોદી દેવાયા : નીલગાયના ત્રાસથી લીમડાનુ વાવેતર ઓછુ કરાશે : દેશી કણજી, કરંજ અને ગરમાળાના રોપાઓનુ વિશેષ વાવેતર કરાશે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં વન તંત્ર દ્વારા ખુલ્લી જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરી દેવામાં આવ્યુ છે. વનતંત્ર વરસાદી દિવસોમાં વધુ હરિયાળી નિખરે તે માટે દરવર્ષે આગોતરુ આયોજન કરે છે. જેને અનુલક્ષી નવા રોપાઓની વાવણી સંદર્ભે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં જ તૈયારી શરૂ કરી દેવામાં આવે છે. આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવા માટે વનતંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેને અનુલક્ષી વનવિભાગ દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અંદાજિત ૧૭ હજારથી વધુ ખાડા ખોદવામાં આવ્યા છે. જયારે ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં નવા રોપાઓની વાવણીનુ કામ પણ હાથ ધરાશે.

ગાંધીનગર શહેર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાતુ જાય છે. વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જયારે સ્માર્ટ બનવા તરફ આગળ વધતા શહેરમાં હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં હરિયાળી નિખારવા માટે સમયાંતરે વૃક્ષારોપણ પણ કરવામાં આવી રહ્યુ છે. પર્યાવરણ પ્રેમી નાગરિકો અને સંસ્થાઓ સહીત વનતંત્ર દ્વારા પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. દરવર્ષે શહેરમાં ઉપલબ્ધ ખાલી જગ્યામાં નવા રોપાઓની વાવણી માટે આયોજન કરવામાં આવે છે. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખી વનતંત્ર દ્વારા શહેરના સે-૧ થી ૩૦ માં પણ ખુલ્લી જગ્યાનો સર્વે કરી નવા રોપાઓના ઉછેર માટે ખાડા ખોદી દેવાયા છે. જયારે આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી કરવા માટે ખોદકામ કરાયુ છે. વનતંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના સે- ૧થી ૩૦ માં ૪૮૦૦ જેટલા ખાડા ખોદવામાં આવ્યા છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં બિન પિયત વિસ્તાર અને પિયત વિસ્તારને અનુલક્ષી કુલ ૮ હેકટરમાં વાવેતર કરવા માટે ૫ હજાર જેટલા ખાડા ખોદી વૃક્ષારોપણની તૈયારી કરી દેવામાં આવી છે. જયારે ઈ મોડેલ પર્યાવરણ અન્વયે શહેરમાં વિવિધ ૭ હેકટરમાં જુદી જુદી જગ્યાએ કુલ ૭૭૭૭ ખાડા ખોદી નવા વાવેતર માટે વનતંત્રએ આયોજન કરી દીધુ છે. જયારે નવા વાવેતર અન્વયે રોપાઓની પણ તે મુજબ પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગર શહેર વિસ્તારમાં પણ નીલગાયનો ત્રાસ વધુ છે જેના લીધે લીમડાના વૃક્ષોનો ઉછેર ઝડપથી થતો નથી આ સ્થિતિને ધ્યાનમાં

● અનુસંધાન પાન-૭ પર

# વાવોલ-કોલવડાથી સરકારી આર્યુવેદિક કોલેજ સુધી ૨.૫ કિમીનો નવો માર્ગ બનશે

### ગુડા દ્વારા ટી પી સ્કીમ નં -૧૫ માં ૨૫૧૮ મીટર લંબાઇના ૨૪ મીટર પહોળા રસ્તા ખુલ્લા કરાયા

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે જયારે વાવોલ કોલવડા માર્ગ પર આર્યુવેદિક કોલેજ સુધી ૨૫૧૮ મીટર લંબાઈ અને ૨૪ મીટર પહોળા રસ્તા ખુલ્લા કરવાની કામગીરી કરવામાં આવી છે. જેના અંતે આ વિસ્તારમાં હવે નવો રસ્તો મળશે જેથી ટ્રાફિકની અવરજવર વધુ ઝડપી અને સલામત બનશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટીપી વિસ્તારમાં દબાણો દુર કરવા સહીત રસ્તા ખોલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તબક્કાવાર રસ્તાઓ ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. વાવોલ કોલવડા માર્ગ પર આર્યુવેદિક કોલેજ સુધી ૨૫૧૮ મીટર લંબાઈના ૨૪ મીટર પહોળા રસ્તા છેલ્લા ૧૫ દિવસમાં જ ખુલ્લા કરી દેવાયા છે. જેના લીધે હવે આ વિસ્તારમાં ૨.૫ કીલોમીટર લંબાઈના નવા રસ્તાની સુવિધા સ્થાનિકોને ઉપલબ્ધ થશે. આ વિસ્તારમાં વાહનવ્યવહાર પણ ઝડપી અને સલામત બનશે. ગુડાના ચેરમેન ધવલ પટેલે વિવિધ વિસ્તારમાં નવા રસ્તાઓ ખોલવા માટે અભિયાન હાથ ધર્યુ છે.જયારે આ અન્વયે અત્યાર સુધી વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તાઓ ખુલ્લા કરાયા છે. જયારે વાવોલ કોલવડા માર્ગ પર આર્યુવેદિક કોલેજ સુધીના માર્ગને પણ ખુલ્લો કરી દેવાયો છે. છેલ્લા બે સપ્તાહના સમયગાળા દરમિયાન ૨૫૧૮ મીટરની લંબાઈના માર્ગો ખુલ્લા કરાયા છે. જેના લીધે હવે સ્થાનિકોને નવો રસ્તો મળશે. આ અન્વયે ગુડાના ચેરમેન તેમજ અધિકારીઓએ સ્થળ મુલાકાત પણ લીધી હતી તેમજ માર્ગ સુધારણાની કામગીરી પણ ત્વરિત હાથ ધરવામાં આવે તે માટે પણ સુચના આપી હતી.

# ગ્રામ સદભાવના મિશન અન્વયે ગામોને માળખાગત સુવિધાઓથી સજ્જ કરાશે

### ગુડાએ માસ્ટર પ્લાન તૈયાર કર્યો : બજેટમાં પણ ૫૦ કરોડની જોગવાઇ કરી છે : ગામડાઓમાં પણ શેહરની જેમ પાણી, રસ્તા, સ્ટ્રીટ લાઇટ સહીતના સુવિધાના કામો હાથ ધરવા સર્વે કરી પ્લાન તૈયાર કરાયો

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરની જેમ ગામડાઓ પણ માળખાગત સુવિધાઓથી સજ્જ બને તે માટે સરકારે નવતર અભિમગ અપનાવ્યો છે. જે અન્વયે ગુડા દ્વારા પણ ગ્રામ વિકાસ યોજના અંતર્ગત ૨૫ ગામોમાં પુરતી માળખાગત સુવિધા ઉપલબ્ધ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. આ માટે રૂ ૫૦ કરોડનો ખર્ચ કરાશે. સર્વેના અંતે માસ્ટર પ્લાન તૈયાર કરાતા હવે ગામોમાં પણ ટુંકમાં માળખાગત સુવિધાઓ શહેર સમકક્ષ ઉભી કરાશે.

ગાંધીનગરના ગામોમાં પણ શહેરની જેમ માળખાગત સુવિધા ઉભી કરવા માટે નવતર આયોજન કરાયુ છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આ અન્વયે ગ્રામ વિકાસ યોજના અન્વયે ગામોમાં સર્વે કરી માસ્ટર પ્લાન પણ તૈયાર કરાયો છે. જેમાં ૨૫ જેટલા ગામોમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવા માટે રૂ ૫૦ કરોડના ખર્ચે વિવિધ કામોનુ આયોજન કરાશે. રાજયના શહેરી વિકાસ વિભાગના અધિકારીઓએ આ મામલે ગુડાને જરૂરી ગાઈડલાઈન પણ આપી છે

**૨૫ જેટલા ગામોમાં પીવાના પાણી, દુષિત પાણીનો નિકાલ, સ્ટ્રીટ લાઇટ, રસ્તાઓ , આંગણવાડીનુ સમારકામ સહીતના વિવિધ કામોને આવરી લેવા કાર્યયોજના**

જેના આધારે ગુડાએ સર્વે સહીતની કામગીરી હાથ ધરી છે. જયારે ગુડાના બજેટમાં પણ જરૂરી એવા રૂ ૫૦ કરોડના ખર્ચની જોગવાઈ પણ કરી દેવામાં આવી છે. જે અન્વયે ૨૫ જેટલા ગામોમાં પીવાના પાણી, દુષિત પાણીનો નિકાલ, સ્ટ્રીટ લાઈટ, રસ્તાઓ , આંગણવાડીનુ સમારકામ સહીતના વિવિધ કામોને આવરી લેવા કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે ગુડાએ સદભાવના યોજના અન્વયે ગામોમાં કેવા પ્રકારની જરૂરિયાત છે તે અંગે પણ જરૂરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. જયારે ગામોમાં માળખાગત સુવિધાના કામો તબક્કાવાર હાથ ધરવા માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે જો કે આ માટે ગામદીઠ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરવાનો નિર્ણય લેવાયો હતો પરંતુ કેટલાક ગામોમાં આ ખર્ચની રકમ વધીને અંદાજિત ૫ કરોડ સુધી પણ થાય તેમ છે . જયારે અમુક ગામોમાં ખર્ચની રકમ રૂ ૫ કરોડ કે તેથી વધુ પણ થાય તેવી સ્થિતિ છે. જો કે કેટલાક ગામો ગ્રામ પંચાયતો તેમજ સંસ્થાઓના માધ્યમથી પુર્ણ રીતે સુવિધાયુક્ત હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# શહેર-જિલ્લામાં ગરમીમાં નજીવી રાહત

### મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી જેટલુ ઘટ્યું

ગાંધીનગર, તા. ૨૪

વાતાવરણમાં સહેજ પલ્ટો આવ્યો છે. અરબી સમુદ્રમાં પ્રિ-મોન્સુન એક્ટીવી થોડી સક્રિય થતાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ક્યાંક ક્યાંક વરસાદ પણ પડ્યો છે. જેની અસર હેઠળ ગાંધીનગરમાં મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી જેટલુ ઘટ્યુ છે.

એપ્રિલ માસના અંતિમ દિવસોમાં હીટવેવની આગાહી વચ્ચે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. અરબી સમુદ્રમાં હાલમાં પ્રિમોન્સુન એક્ટીવીટીનો પ્રારંભ થયો છે. પ્રિ-મોન્સુન એક્ટીવીટીના કારણે મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ વરસાદ પડ્યો છે. જેની અસર હેઠળ ઉત્તર ગુજરાતમાં તાપમાન નીચુ આવ્યુ છે. ઉત્તર ગુજરાતના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી કે તેનાથી વધુ નોંધાયુ હતુ. જેમાં દોઢેક ડીગ્રીનો ઘટાડો થયો છે. લઘુત્તમ તાપમાન ૨૫.૯ ડિ.સે. નોંધાયુ છે. હવામાન વિભાગે કહ્યુ છે કે ગરમીમાં મળેલી રાહત એકાદ દિવસ જ રહેશે. એપ્રિલ માસના અંતિમ દિવસોમાં હીટવેવ આવી શકે છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com